**<u>પારડી પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૨૦૦૦૩૮૨૬ ૨૨૬૦/૨૦૨૬ અરજદાર:- રાજ જીતુભાઈ હળપતિ નાઓની મુદામાલ અરજી હેઠળ હુકમ</u>**

**મુદામાલ અરજી નં:- ૩૩૬/૨૦૨૬**

(૧) અરજી વંચાણે લીધી, સાંભળ્યા.

(૨) આ કામે અરજદાર **<u>રાજ જીતુભાઈ હળપતિ</u>** નાઓએ હાલની અરજી કરીને અરજ ગુજારેલ છે કે તેમના માલીકીની યામાહા એફ.ઝેડ મો.સા જેનો રજી. **નં.-GJ-15-DB-6953** જેની કિ.રૂ.૩૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા) ગણી ઉપરોકત ગુના કામે કબજે કરવામાં આવેલ છે.

(૩) સદર કામે પોલીસ અભિપ્રાય, પંચનામુ, મુદ્દામાલ પાવતી રજુ થયેલ છે. પોલીસ અભિપ્રાય જોતા મુદ્દામાલ અરજદારને પરત સોંપવામાં આવે તો વાંધો હોવાનો સ્પષ્ટ અભિપ્રાય છે.

(૪) અરજદારે આર.સી.બુકની વેરીફાઈડ નકલ રજુ કરેલ છે તે જોતા સદર વાહનના માલીક હાલના અરજદાર હોવાનું જણાય આવે છે. મુદામાલ વાહન સદર ગુનામાં પોલીસે કબજે કરેલ છે તથા સદર વાહનમાંથી ૭.૩૮ લી. પ્રોહી જથ્થો મળી આવેલ છે. વધુમાં જો મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં વધુ સમય રહે તો તેને નુકશાન થાય તેમ જણાય છે અને હાલના અરજદારે માલીક હોવાનું ફલીત થતુ હોય આ મુદ્દામાલ વચગાળા માટે પરત સોંપવો યોગ્ય અને વ્યાજબી હોવાનું માનુ છું.

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં તેમજ ના.સુપ્રિમ કોર્ટે આપેલ **<u>ચુકાદો ૨૦૦૩ (૧) જી.એલ.એચ.(એસ.સી)(સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત) ના</u>** ચુકાદામાં ના.સુપ્રિમ કોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે જપ્ત કરાયેલ મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં લાંબા સમય સુધી રાખવા કોઈ રીતે ઉપયોગી નથી. મુદ્દામાલ ઉપર આપવા પડતા બોન્ડ અને ગેરંટી લઈને તેમજ સીકયુરીટી લઈને મેજીસ્ટ્રેટે યોગ્ય હુકમ કરવાનો રહેશે. આમ ના.સુપ્રિમ કોર્ટે પણ સદરહુ મુદ્દામાલ લાંબો સમય સુધી પોલીસ સ્ટેશને રાખવા કોઈ રીતે ઉપયોગી નથી તેમ ઠરાવેલ છે. આમ ઉપર ચર્ચા કર્યા મુજબની વિગતે તેમજ ના.સુપ્રિમ કોર્ટનુ જજમેન્ટ નીગાહે લેતાં યોગ્ય શરતોને આધીન મુદ્દામાલ અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો હુકમ કરવામાં આવશે તો તે યોગ્ય અને ન્યાયી લેખાશે તેમ આ અદાલતનું માનવુ છે. આમ, આ સંજોગોમાં મુદ્દામાલ અરજદારને પરત સોંપવામાં આવે તો તે યોગ્ય

અને વ્યાજબી હોવાનું જણાઈ આવતુ હોઈ યોગ્ય શરતોને આધિન યોગ્ય રકમના જામીન અને જાત મુચરકા રજુ કર્યેથી અરજદારને મુદ્દામાલ પરત સોંપવા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આથી **અરજદાર રાજ જીતુભાઈ હળપતિ** નાઓની મુદ્દામાલ પરત મેળવવાની અરજી ''**મંજુર**'' કરવામાં આવે છે.

આથી અરજદારે **યામાહા એફ.ઝેડ મો.સા જેનો રજી. નં.-GJ-15-DB-6953 જેની કિ.રૂા.૩૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા)** કરતાં દોઢી રકમ રૂા.૪૫,૦૦૦/– (અંકે રૂપિયા પીસતાલીસ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમના બોન્ડ રજુ કર્યેથી સદર કામે કબજે લીધેલ ઉપરોકત મુદ્દામાલ નીચેની શરતોને આધિન વચગાળાના હુકમે પરત સોં પવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો**

(૧) અરજદારે કેસના આખરી નિકાલ સુધી મુદ્દામાલની ઓળખમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર થાય તેવુ કૃત્ય કરવુ નહી કે કોઈ પણ રીતે તબદીલ કરવુ નહી.

(૨) અરજદારે મુદ્દામાલ આ અદાલત અથવા તો અન્ય કોઈ અદાલત જયારે રજુ કરવાનુ કહે ત્યારે અરજદારે તના ખર્ચ રજુ કરવાનુ રહેશે.

(૩) અરજદારે સદર મુદ્દામાલના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહી.

(૪) અરજદારે મુદ્દામાલ અન્ય કોઈ ગુન્હામાં ઉપયોગ કરવો નહી.

(૫) તપાસ કરનાર અમલદારે સદર મુદામાલ અરજદારને પરત સોંપતા પહેલા અરજદારના ખર્ચે સદર મુદામાલના યોગ્ય જણાય તેટલા ફોટોગ્રાફ પડાવી લેવા તથા પંચનામુ અત્રેની કોર્ટમાં રજુ કરવુ.

(૬) સંબધિત પોલીસ સ્ટેશને મુદામાલ સંબધિત બોન્ડ તથા જામીન સ્વીકારવા.

હુકમ આજરોજ તારીખ ૩ જી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : – પારડી
તા. ૦૩/૦૭/૨૦૨૬

(પી.એ.શર્મા)
એડી. જયુડી મેજી.ફ.ક.પારડી
જજ કોડ :જે.જી.૦૧૬૭૦